# વર્તમાન વર્લ્ડકપમાં ભારતની સતત છઠ્ઠી જીત

## ઝિમ્બાબ્વે પર ભારતની છ વિકેટે જીત : ધોની-રૈનાની વચ્ચે ૧૯૬ રનની રેકોર્ડ ભાગીદારી નોંધાઈ

ઓકલેન્ડ, તા. ૧૪

ઓકલેન્ડ ખાતે રમાયેલી આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપની ગ્રુપ બીની મેચમાં ભારતે આજે ઝિમ્બાબ્વે ઉપર આઠ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે છ વિકેટે જીત



મેળવી લીધી હતી. ભારતની આ રોમાંચક જીતમાં સુરેશ રૈના અને ધોનીની યાદગાર ઈનિંગ્સ મુખ્યરીતે સામેલ રહી હતી. આ બંનેએ અણનમ ભાગીદારી નોંધાવી હતી અને પોતાની ટીમને જીત અપાવી હતી. ભારતની આ સતત છઠ્ઠી જીત હતી. ધોનીએ કેપ્ટન ઈનિંગ્સ રમીને અણનમ ૮૫ રન બનાવ્યા હતા જેમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. ધોનીએ છગ્ગો ફટકારીને ભારતીય ટીમને રોમાંચક જીત અપાવી હતી જ્યારે સુરેશ રૈનાએ ૧૧૦ રન ફટકાર્યા હતા જેમાં નવ ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થાય છે. એક વખતે ભારતીય ટીમે ૯૨ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી અને લાગી રહ્યું હતું કે, આ મેચ ખુબ જ કટોકટીવાળી બનશે પરંતુ ધોની અને રૈનાએ છેલ્લે સુધી અણનમ રહીને ઝિમ્બાબ્વેને અન્ય કોઈ તક આપી ન હતી. આ બંનેએ પાંચમી વિકેટની ૧૯૬ રનની ભાગીદારી નોંધાવી હતી જે એક રેકોર્ડ છે. ભારત તરફથી આજે નિરાશાજનક શરૂઆત થઈ હતી. રોહિત શર્મા, શિખર ધવન સસ્તામાં આઉટ થયા હતા. ભારતે ૨૧ રનમાં બે વિકેટ અને ૯૨ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. આ અગાઉ આજે ટોસ જીતીને ભારતે પહેલા ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટેલરે શાનદાર બેટિંગ કરતા સદી કરી હતી. ટેલરે ૯૯ બોલમાં સદી કરી હતી. ટેલરની વનડે કેરિયરની આ આઠમી સદી હતી. સાથે સાથે તે ઝિમ્બાબ્વે તરફથી સૌથી વધારે સદી કરનાર ખેલાડી બન્યો હતો. ટેલરે વર્લ્ડ કપમાં સતતબીજી સદી કરી હતી. આ સિદ્ધી મેળવનાર તે ઝિમ્બાબ્વેનો પ્રથમ ખેલાડી બન્યો હતો. ટેલરે આ પહેલા આયર્લેન્ડની સામે પણ સદી કરી હતી. ટેલર ૧૧૫ બોલમાં ૧૫ ચોગ્ગા અને પાંચ છગ્ગાની સાથે ૧૩૮ રન બનાવી



આઉટ થયો હતો. ટેલરની શાનદાર ઈનિંગ્સથી ચાહકો રોમાંચિત થઈ ગયા હતા. જો કે, અંતિમ તબક્કામાં ઝિમ્બાબ્વેએ ઝડપથી વિકેટો ગુમાવી હતી જેથી ઝિમ્બાબ્વેનો જુમલો ૩૦૦ના આંકડાને પાર કરી શક્યો ન હતો. ઝિમ્બાબ્વેની ટીમ ૨૮૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામા આવ્યુંછે. અગાઉ વર્ષ ૧૯૯૨ માંઆનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે. રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે

### ૪૦૦થી વધુ રન કરનાર પ્રથમ ઝિમ્બાબ્વે બેટ્સમેન

## પોતાની છેલ્લી વનડેમાં બ્રેડન ટેલરે કેટલાક નવા રેકોર્ડ કર્યા



ઓકલેન્ડ,તા. ૧૪

ઓકલેન્ડમાં આજે રમાયેલી આઈસીસી વર્લ્ડ કપની મેચમાં ભારત સામે રમતા ઝિમ્બાબ્વેના સ્ટાર બેટ્સમેન બ્રેડન ટેલરે કેટલાક નવા રેકોર્ડ કર્યા હતા. તે પોતાના નામ પર કેટલાક રેકોર્ડ કરવામાં સફળ થઈ ગયો હતો. ટેલરે શાનદાર બેટિંગ કરતા સદી કરી હતી. ટેલરે ૯૯ બોલમાં સદી કરી હતી. ટેલરની વનડે કેરિયરની આ આઠમી સદી હતી. સાથે સાથે તે ઝિમ્બાબ્વે તરફથી સૌથી વધારે સદી કરનાર ખેલાડી બન્યો હતો. ટેલરે વર્લ્ડ કપમાં સતતબીજી સદી કરી હતી. આ સિદ્ધી મેળવનાર તે ઝિમ્બાબ્વેનો પ્રથમ ખેલાડી બન્યો હતો. ટેલરે આ પહેલા આયર્લેન્ડની સામે પણ સદી કરી હતી. ટેલર ૧૧૫ બોલમાં ૧૫ ચોગ્ગા અને પાંચ છગ્ગાની સાથે ૧૩૮ રન બનાવી આઉટ થયો હતો. આ શાનદાર ઈનિંગ્સના કારણે ટેલરે વર્લ્ડ કપમાં ૪૦૦ રન પુરા કર્યા હતા. આ રેકોર્ડ કરનાર પણ તે પ્રથમ ઝિમ્બાબ્વેનો બેટ્સમેન છે. ટેલરે પોતાની બેટિંગ દરમિયાન જાડેજાની એક જ ઓવરમાં ૨૪ રન કર્યા હતા.

## કેજરીવાલની લાઈફ સ્ટાઈલ ખુબ જ દબાણ હેઠળની રહી

બેંગ્લોર,તા. ૧૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ખામી ભરેલી લાઈફસ્ટાઈલના પરિણામ સ્વરુપે તેમની માંદગી જોડાયેલી રહેલી છે. દબાણ ભરેલી લાઈફસ્ટાઈલ અને ખામી ભરેલી લાઈફસ્ટાઈલ તેમની માંદગી છે. વરિષ્ઠ તબીબે આજે આ મુજબની માહિતી આપી હતી. શહેરના પરા વિસ્તારે સ્થિત જિંદાલ નેચર પ્યોર ઈન્સ્ટિટ્યુટ ચીફ મેડિકલ ઓફિસર બાબીના નંદકુમારે માહિતી આપતા કહ્યું છે કે, તેમના મેડિકલ ચેકઅપના પ્રથમ દિવસે અમને જાણવા મળ્યું હતું કે, તેમના બિનનિયંત્રિત સુગરની સાથે સાથે ક્રોનિક કફની પણ સ્થિતિ રહેલી છે. તેમણે કહ્યું હતું કે, પરંપરાગત નેચરોપેથિક સારવારની જરૂર છે જેમાં હાઈડ્રોથેરાપી, મસાજ, પેક્સ અને મડથેરાપીનો સમાવેશ થાય છે. યોગા અને ડાયટથેરાપીની પણ જરૂર છે. અમારા નિરીક્ષણથી જાણવા મળ્યું છે કે, ફોલ્ટી અને ટ્રેસફુલ લાઈફસ્ટાઈલ કેજરીવાલની રહેલી છે જેમાં બિનનિયંત્રિત ભોજનની ટેવ, પ્રદૂષણનું ઉંચુ પ્રમાણ પણ જોડાયેલું છે. સારવારની વિગતો આપતા તબીબે કહ્યું હતું કે, તેમને ડેટોક્સીફાઈડ સારવાર આપવામાં આવી રહી છે. યોગાષથેરાપી અને ડાયટની અસર દેખાઈ રહી છે. ૪૬ વર્ષીય અરવિંદ કેજરીવાલને આ સંસ્થામાં દાખલ કરવામાં આવ્યા હતા. પાંચમી માર્ચના દિવસે તેમની સારવાર શરૂ થઈ હતી. ૧૯મી માર્ચના દિવસે તેમને રજા આપવામાં આવે તેવી શક્યતા છે. તેમના પિતા અને માતાને પણ આ પ્રકારની તકલીફ રહી ચુકી છે. એક બાજુ કેજરીવાલની તબિયત સારી નથી બીજી બાજુ એએપીમાં આંતરિક ખેંચતાણ ચરમસીમાએ પહોંચી ગઈ છે. પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવને પીએસીમાંથી દૂર કરવામાં આવી ચુક્યા છે. શ્રેણીબદ્ધ સ્ટિંગ ઓપરેશન પણ સપાટી ઉપર આવી ચુક્યા છે.

## ભારતથી ડર્યું પાકિસ્તાન : લખવીને અટકાયતમાં રાખવા માટે આદેશ

ઈસ્લામાબાદ, તા. ૧૪

કુખ્યાત આતંકવાદી અને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ ગણાતા જાકી ઉર રહેમાન લખવીને છોડી મુકવાના આદેશ બાદ ભારતે તીવ્ર દબાણ વધારતા તેની અસર જોવા મળી છે. પાકિસ્તાન ભારતના દબાણ સમક્ષ ઝુંકીને લખવીને અટકાયત હેઠળ રાખવાના આદેશ આપી ચુક્યું છે. આનો મતલબ એ થયો કે, લખવીને હવે જેલમાં જ રહેવું પડશે. પાકિસ્તાને આજે પબ્લિક સિક્યોરિટી ઓર્ડર હેઠળ વધુ ૩૦ દિવસ સુધી લખવીને અટકાયતમાં રાખવાનો આદેશ કર્યો હતો. કોર્ટે ગઈકાલે તેને છોડી મુકવાનો આદેશ કર્યા બાદ ભારત જોરદાર દબાણ લાવ્યું હતું. સરકારે આજે મેઈન્ટેનન્સ ઓફ પબ્લિક ઓર્ડર હેઠળ ૩૦ દિવસ સુધી લખવીને અટકાયતમાં રાખવાના આદેશ જારી કર્યા હતા. લખવી હવે અદીલા જેલમાં જ રહેશે જ્યાં તે હાલમાં મુંબઈ હુમલા કેસના સંદર્ભમાં જેલમાં છે. પંજાબ સરકારના ગૃહવિભાગના અધિકારીઓએ આ મુજબની માહિતી આપી છે. લખવીના વકીલ રાજા રિઝવાન અબ્બાસીએ કહ્યું છે કે, પાકિસ્તાનના બંધારણનો ભંગ કરીને આ આદેશ જારી કરાયા છે. પંજાબ સરકારે એમપીઓ વિવાદમાં પ્રવેશ કરીને આ અંગેનો આદેશ જારી કર્યો છે. રાવલપિંડીમાં અદીલા જેલ સત્તાવાળાઓએ ગઈકાલે લખવીને મુક્ત કરવાનો ઈન્કાર કરી દીધો હતો અને કહ્યું હતું કે, તેમના વકીલ પાસેથી ફેક્સ મારફતે કોઈ સંદેશો મળ્યો નથી. આજે કોર્ટ ઓર્ડરની સર્ટિફાઈડ કોપી અપાઈ હોવા છતાં લખવીને મુક્ત કરવામાં આવ્યો નથી તેવી દલીલ રિઝવાન અબ્બાસીએ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનની જેલમાં હવા ખાઈ રહેલા મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકી ઉર રહેમાન લખવીને મુક્ત કરવા માટેનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. જેથી તેની મુક્તિ માટેનો માર્ગ મોકળો થયો



હતો. ગઈકાલે ઈસ્લામાબાદ હાઈકોર્ટે તેને કસ્ટડીમાં રાખવાની બાબત યોગ્ય નથી તેમ કહ્યું હતુ. કોર્ટે એમ કહીને લખવીની મુક્તિના આદેશ જારી કર્યા હતા કે, તેને આ પ્રકારે જેલમાં રાખી શકાય નહીં. પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના લીડર લખવી વર્ષ ૨૦૦૯ બાદથી જેલમાં છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે ગયા વર્ષે ડિસેમ્બરમાં તેને કેટલીક શરતો સાથે મુક્ત કર્યો હતો. પરંતુ તેને થોડાક કલાકોના ગાળા બાદ કસ્ટડીમાં લેવામા આવ્યો હતો. આ વખતે કોર્ટે મુક્ત કરવાનો આદેશ જારી કરીને કહ્યુ ંહતું કે ભારતમાં થયેલા હુમલામાં તેની સંડોવણી સાબિત થાય તેવા કોઈ પુરાવા હાથ લાગ્યા નથી. હવે નવો આદેશ જારી કરવામાં આવ્યા બાદ તે મુક્ત થઈ શકે છે. લખવીની મુંબઈ હુમલામાં સંડોવણી અંગે ભારત સરકારે કેટલીક વખત પુરાવા આપ્યા હતા. જો કે પાકિસ્તાને દલીલ કરી છે કે પુરાવા અપુરતા છે. આ મુદ્દે ભારત અનેપાકિસ્તાન સામ સામે રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના વાણિજ્ય પાટનગર મુંબઈમાં વર્ષ ૨૦૦૮માં ત્રાસવાદી હુમલો થયો હતો જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. કરોડોની સંપત્તિનું નુકસાન થયું હતું. લખવી એવા સાત લોકોમાં સામેલ છે જેના ઉપર મુંબઈ હુમલાને લઈને પાકિસ્તાનમાં કેસ ચાલી રહ્યો છે. ભારતીય તપાસકારોએ પાકિસ્તાનને વોઈસ સેમ્પલ અને બીજા પુરાવા પણ સોંપ્યા હતા જેમાં લખવી સેટેલાઈટ ફોન ઉપર ૧૦ ત્રાસવાદીઓ સાથે વાતચીત કરી રહ્યો હતો જે દરિયાઈ માર્ગ મારફતે મુંબઈમાં આવ્યા હતા અને ઘણી જગ્યાએ હુમલા કર્યા હતા. ૧૮મી ડિસેમ્બરના દિવસે ટ્રાયલ કોર્ટે લખવીને જામીન આપ્યા હતા પરંતુ તેની આગલા દિવસે એમપીઓ હેઠળ ફરી ધરપકડ કરી લેવાઈ હતી.

પાકિસ્તાનમાં મુંબઈ હુમલા કેસના સંદર્ભમાં ૨૦૦૯થી ટ્રાયલ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે ગઈકાલે નારાજગી વ્યક્ત કરીને પાકિસ્તાનના હાઈ કમિશનર અબ્દુલ બાસિતને બોલાવ્યા હતા અને લશ્કરે તોઈબાના ઓપરેશન કમાન્ડર લખવીને છોડી મુકવાના ઈસ્લામાબાદ હાઈકોર્ટના આદેશ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. ૫૫ વર્ષીય લખવીને અટકાયતીના આદેશ ગૃહમંત્રાલયની વિનંતી ઉપર જારીકરવામાં આવે તે જરૂરી છે.

### વધુમાં વધુ છ ટિકિટની બુકિંગ થઈ શકશે

## રેલવે ઈન્ટરનેટ ટિકિટિંગ સિસ્ટમમાં ફેરફાર કરાશે

નવી દિલ્હી,તા. ૧૪

ઈન્ટરનેટ મારફતે જથ્થામાં રેલવે ટિકિટ બુક કરાવીને આ ટિકિટો બ્લેકમાં વેચી દેનાર એજન્ટો પર અંકુશ મુકવા માટે ભારતીય રેલવે દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. જેના બાગરૂપે રેલવે ઈન્ટરનેટ ટિકિટિંગ સિસ્ટમમાં ફેરફાર કરવાની ઈચ્છા ધરાવે છે. આ ફેરફારની અસર એ થશે કે તેમના પર બ્રેક આવી જશે. તેમના દ્વારા એક સમયમાં એક જ ટિકિટ લઈ શકાશે. એટલે કે વધુમાં વધુ છ યાત્રી માટે જ બુકિંગ કરાવી શકાશે. આ અગાઉ રેલવેએ હાલમાં જ એજન્ટો પર અંકુશ મુકવા કેટલીક અન્ય કવાયત પણ હાથ ધરી છે. જેના હેઠળ પહેલાથી જ બુક ટિકિટમાં તારીખ વધાર દેવાના નામે તરત જ એજન્ટ ટિકિટ બુક કરાવી લે છે. ઈન્ડિયન રેલવેના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે રેલવેના કોમર્શિયલ વિભાગે નવા નિયમો લાગુ કરવાની તૈયારી કરી છે. જે હેઠળ હવે એક સમયમાં માત્ર એક વખત મહત્તમ છ યાત્રી માટે જ ટિકિટ બુક કરાવી શકાશે. રેલવેના એક સિનિયર અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે રેલવે ટિકિટના બ્લેકમેઈલિંગની પ્રવૃતિમાં સામેલ રહેલા લોકોને મુશ્કેલી નડશે. હાલમાં એજન્ટો એક વખત લોગ ઈન કરી લે છે. અને ત્યારબદા તેના પર એક પછી એક ટિકિટ બુક કરાવી લે છે. ત્યારબાદ આ ટિકિટોને બ્લેકમાં વેચી દે છે. આવી વ્યાપક ફરિયાદો મળ્યા બાદ આ ફેરફાર કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે.

## જીડીપી ગ્રોથરેટ ૭.૫ ટકા રહેવાનો જેટલી દ્વારા દાવો

લંડન,તા. ૧૪

કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, ભારતમાં કારોબાર કરવાની પ્રક્રિયા વધુ સરળ બને તે માટે સરકાર કટિબદ્ધ છે. સાથે સાથે ભારતમાં મૂડીરોકાણને આકર્ષિત કરવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કરવેરા વ્યવસ્થાને વધુ તર્કસંગત બનાવવામાં આવનાર છે. ટેક્સમાં ઘટાડો કરવામાં આવનાર છે. જેટલીએ કહ્યું હતું કે, આ વર્ષે જીડીપી ગ્રોથરેટ ૭.૫ ટકા રહી શકે છે જ્યારે આગામી વર્ષે આનાથી ઉંચો દર રહી શકે છે. અમે ટેક્સને તર્કસંગત બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. ટેક્સને ઘટાડવાના પણ પ્રયાસ કરી રહ્યા છે. કરવેરાની વ્યવસ્થાને અસરકારક અને સરળ બનાવવામાં આવશે. સુધારા અને અડચણ વચ્ચે ગુંચ ન રહે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. અમારી પાસે



રુપરેખા બિલકુલ સ્પષ્ટ છે. ભારતમાં વધારે મૂડીરોકાણ થાય તેના માટે પ્રયાસ થઈ રહ્યા છે. આજકારણસર કારોબાર કરવાના નિયમો સરળ કરવામાં આવી રહ્યા છે. ગિકાલે મોડી રાત્રે ભારતમાં મૂડીરોકાણની તક વિષય ઉપર આંતરરાષ્ટ્રીય રોકાણકારો સાથે વતાચીત કરતા જેટલીએ કહ્યું હતું કે, નવી સરકારની પ્રાથમિકતા ભારતીય અર્થતંત્રની વિશ્વસનીયતાને સુધારવાની રહી છે. ફિસ્કલ ડેફિસિટનો આંકડો ઘટી રહ્યો છે. કરવેરાના માળખામાં સુધારા થઈ રહ્યા છે. સ્પેક્ટ્રમ અને કોલસા ખાણની હરાજીની સફળતા દર્શાવે છે કે, ભ્રષ્ટાચારને કઈરીતે રોકી શકાય છે. યુપીએ સરકાર ઉપર પ્રહાર કરવાની તક જેટલીએ છોડી ન હતી. તેમણે કહ્યું હતું કે, સ્પેક્ટ્રમ અને કોલસા ફિલ્ડ ફાળવણી જેવા કૌભાંડની બાબત હવે ભૂતકાળ બની ચુકી છે. કોલસાના સંદર્ભમાં તેઓએ મહિનાઓની અંદર જ હરાજી પ્રક્રિયાની જાહેરાત કરી હતી. ફિક્કી-યુકે ઈન્ડિયન બિઝનેસ કાઉન્સિલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં તેમણે આ મુજબની વાત કરી હતી. તેઓએ અન્ય જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

### કુદરતની મારના કારણે પણ ખેડુતો ભારે પરેશાન

## ૫૮ દિવસમાં ૧૩૫ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે

નવી દિલ્હી,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે મનકી બાત કાર્યક્રમમાં ખેડુતો સાથે વાત કરનાર છે. મોદી એવા સમયમાં વાત કરવા જઈ રહ્યા છે જ્યારે ૫૮ દિવસના ગાળામાં જ ૧૩૫ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. એકબાજુ જમીન બિલ અને બીજી બાજુ કુદરતી મારના કારણે ખેડુતોની હાલત કફોડી બનેલી છે. મહારાષ્ટ્રના ઓરંગાબાદમાં આ વર્ષે શરૂઆતના ૫૮ દિવસમાં જ ૧૩૫ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. આ માહિતી અન્ય કોઈએ નહી બલ્કે રાજ્યસભામાં કેન્દ્રિય કૃષિ રાજ્યપ્રધાન મોહનભાઈ કુડાંરિયા દ્વારા આપવામાં આવી છે. એક લેખિત પ્રશ્નના જવાબમા તેમણે કહ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં ૬૬૨ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. જે સરકારી નિતિ મુજબ એક લાખ રૂપિયાના વળતરના હકદાર હતા. તેમણે કહ્યું હતું કે આત્મહત્યા માટેના કારણ જે સપાટી પર આવ્યા છે તેમાં કુદરતી આપત્તિ અને ખેડુતોની ખરાબ હાલત મુખ્યરીતે જવાબદાર છે. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૨માં કૃષિ મારફતે આજીવિકા ચલાવી રહેલા ૧૩૭૫૪ અને ૨૦૧૩માં ૧૧૭૭૨ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી ખુબ ચિંતા ઉપજાવે તેવી છે. મોદી આવતીકાલે તેમની સમસ્યા અંગે વાત કરી શકે છે. દેશના ખેડુતોને કેટલીક મહત્વની માહિતી આપી શકે છે.

### ૧૩ વર્ષની જેલની સજા કરાતા ભારત ચિંતિત

## માલદીવના ભૂતપૂર્વ પ્રમુખ નશીદને કઠોર જેલની સજા

માલે,તા. ૧૪

માલદીવના ભૂતપૂર્વ પ્રમુખ મોહમ્મદ નશીદને એક કોર્ટે શુક્રવારે મોડી રાત્રે ૧૩ વર્ષની જેલની સજા ફટકારી દેતા ભારે ચકચાર મચી ગઈ હતી. ૨૨મી ફેબ્રુઆરીના દિવસે તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્રાસવાદ વિરોધી કાયદા હેઠળ નશીદને સજા કરવામાં આવી છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મોડી રાત સુધી કાર્યવાહી ચાલી હતી. દેશના પ્રથમ લોકશાહીરીતે ચૂંટાયેલા નેતાને ત્રાસવાદ વિરોધી કાયદા હેઠળ સજા કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨માં એક ન્યાયાધીશને બાનમાં પકડી લેવાના મામલે ૪૭ વર્ષીય નશીદની ૨૨ ફેબ્રુઆરીના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. નશીદે પોલીસ અને સેનાના બળવા બાદ ફેબ્રુઆરી ૨૦૧૨માં માલદીવના નેતા તરીકે રાજીનામુ આપી



દીધુ હતુ. ભ્રષ્ટાચારના આરોપોમાં ન્યાયાધીશ મોહમ્મદની ધરપકડનામામલે કેટલાક સપ્તાહ સુધી જોરદાર વિરોધ થતા નશીદને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. માલદીવની ઉચ્ચ કોર્ટમાં અપીલ કરવાનો બંધારણીય અધિકાર તેમની પાસે છે. માલદીવના બંધારણની કલમ ૨૨૦(એ) હેટળ દેશના મહાભિયોજન દ્વારા આરોપો મુકવામાં આવ્યા છે. નશીદની ધરપકડ અને તેમની સામે ખરાબ વર્તનને લઈને માલદીવના ઘટનાક્રમ પર ભારતે ચિંતા વ્યક્ત કરી છે.

ભારતે તમામ પક્ષોને અપીલ કરી છે કે તેઓ બંધારણીય હદમાં રહીને તમામ મતભેદોને ઉકેલી દેવામાં આવે. નશીદે ફેબ્રુઆરી ૨૦૧૩માં માલે સ્થિત ભારતીય હાઈ કમીશનમાં શરણ લીધી હતી. તેઓએ ધરપકડને ટાળવા માટે આ પગલુ લીધુ હતુ.

## ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી

નવી દિલ્હી,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગા ઉપર વધારે ભાર મુક્યો છે. જેના પરિણામ સ્વરુપે હવે આને પોલિસી, અર્ધલશ્કરી દળો અને ડિફેન્સ સ્ટાફ માટે ફરજિયાત બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત મોદી



૨૧મી જૂનના દિવસે આંતરરાષ્ટ્રીય યોગા દિવસે ભવ્ય ઉજવણીની તૈયારીમાં લાગી ગયા છે. તૈયારી ઉપર મોદી પોતે નજર રાખવા માંગે છે. યોગાને વધારે મહત્વ મળે તે માટે ભાર મુકવામાં આવનાર છે. દરેક વ્યક્તિ દરરોજ અડધા કલાક સુધી યોગા કરે તેવી ઈચ્છા કેન્દ્ર સરકાર ધરાવે છે. આજકારણસર યોગાને વધારે મહત્વ આપવામાં આવનાર છે. ૨૧મી જૂનના પ્રસંગને જોરદારરીતે ઉજવવાની તૈયારી ચાલી રહી છે. વડાપ્રધાનની ઓફિસ સીધીરીતે તૈયારી ઉપર નજર રાખી રહી છે. મંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે, કેટલાક ડિફેન્સ સ્ટાફ અને બીએડના શિક્ષકોમાં યોગાને ફરજિયાત કરવાની બાબત ચાલી રહી છે.

## કોલ દર ઉપરાંત ડેટા ચાર્જના ટેરિફમાં વધારો થશે

નવી દિલ્હી,તા. ૧૪

સસ્તા કોલ દરનો સમય હવે પૂર્ણ થઈ ચુક્યો છે. કારણ કે વાતચીત મોંઘી કરવાની તૈયારી તમામ મોબાઈલ ઓપરેટરો કરી રહ્યા છે. આવનાર દિવસોમાં તમામ મોબાઈલ ઓપરેટરો કોલ દર ઉપરાંત ડેટા ચાર્જના ટેરિફમાં વધારો કરી શકે છે. ટેલિકોમ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સ્પેક્ટ્રમમાં જંગી રકમ ખર્ચ થયા બાદ આ વધારો થશે તેમ માની રહી છે. સેલ્યુલર ઓપરેટર એસોસિએશનના વડા રાજન એસ. મેથુયસે કહ્યું છે કે કોલ દરો વધી શકે છે. પરંતુ આમાં ક્યારેય વધારો થશે તે અંગે હાલમાં કોઈ વાત કરવી યોગ્ય રહેશે નહી. તેમણે કબુલાત કરી હતી કે આવનાર દિવસોમાં ટેરિફમાં ચોક્કસપણે વધારો કરવામાં આવી શકે છે. અત્રે



ઉલ્લેખનીય છે કે સ્પેક્ટ્રમ હરાજીથી હજુ સુધી સરકારને એક લાખ કરોડથી વધુની રકમ મળી ચુકી છે. આ રકમ ટેલિકોમ કપંનીઓદ્વારા લગાવવામાં આવી છે. અલબત્ત રાજ્યસભામાં ગઈકાલે સાંસદોએ આ પ્રશ્ન કર્યો ત્યારે સરકારે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે તે આ સંબંધમાં કોઈ ટિપ્પણી હાલ કરશે નહી. ટેલિકોમ પ્રધાન રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે કોલ દરોમાં વધારો થવા માટે કેટલાક કારણો હોય છે. તેમણે દાવો કર્યો હતો કે વિશ્વમાં સૌથી સસ્ત કોલ દર હાલમાં ભારતમાં છે. કોલ દર મોંઘાં થવાની સ્થિતીમાં સરકારને ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે મોબાઈલનો ઉપયોગ દેશના તમામ લોકો કરી રહ્યા છે. જો કે સ્પેક્ટ્રમ મારફતે જંગી રકમ ઉભી કર્યા બાદ હવે મોબાઈલ ઓપરેટરો પણ નાણાં ભેગા કરવા ઈચ્છુક છે.